બોયઝ હોસ્ટેલમાં ૨,૪,૬ અને ૮ સેમેસ્ટરમાં રહેવા માટે વિદ્યાર્થી ભાઈઓએ
**<u>હોસ્ટેલ પ્રવેશ ફોર્મ અને હોસ્ટેલ ફી</u> માટે ખાસ બાબત**

---

તા.૦૧-૧૨-૨૦૨૩

સંસ્થામાં આગામી શરૂ થનાર ૨,૪,૬ અને ૮ **સેમેસ્ટમાં** હોસ્ટેલ પ્રવેશ માટે હોસ્ટેલમાં હાલમાં રહેતા અને હોસ્ટેલમાં **નવો પ્રવેશ મેળવવા ઈચ્છતાં** દરેક વિદ્યાર્થીઓએ હોસ્ટેલ પ્રવેશ ફોર્મ અને હોસ્ટેલની ફી ભરવા માટે નીચે કાર્યવાહી સમયમર્યાદામાં કરવાની રહેશે.

આ સમયમર્યાદામાં ફોર્મ અને ફી નહી ભરનાર વિદ્યાર્થીઓને પાછળથી હોસ્ટેલમાં પ્રવેશ મળવા પાત્ર ન હોવાથી દરેકને સમયમર્યાદામાં કાર્યવાહી પૂર્ણ કરવાની રહેશે.

- પ્રવેશ ફોર્મ માટે બોયઝ હોસ્ટેલ ઓફીસમાં સવારે ૯-૩૦ થી ૧૦-૩૦ અથવા જનરલ વિભાગમાં શ્રી ડી.બી. બારૈયા પાસેથી પ્રવેશ ફોર્મ **તા.૦૧-૧૨-૨૦૨૩ થી ૧૬-૧૨-૨૦૨૩** સુધીમાં રૂા.૧૦/- રોકડા આપીને મેળવીને યોગ્ય રીતે ભરીને તેમને જ પરત ત્યાં જ આપી દેવાનું રહેશે.

<u>પ્રવેશ ફોર્મની સાથે નીચે પ્રમાણેના ડોકયુમેન્ટ સામેલ રાખવાના રહેશે :</u>

- દરેક વિદ્યાર્થીએ તાજેતરમાં GTUની ઓનલાઈન મેળવેલ પોતાની ગ્રેડ હીસ્ટ્રી સામેલ કરવી.
- ફોર્મમાં પોતાના તાજેતરમાં પડાવેલ પાસપોર્ટ સાઈઝના ફોટો ચીપકાવવો.
- નવા પ્રવેશના ફોર્મ સાથે જાતિનું પ્રમાણપત્રની ઝેરોક્ષ (લાગું પડતું હોય તેના માટે)
- દરેક ફોર્મ સાથે સરનામાના પ્રુફ માટે આધાર કાર્ડની ઝેરોક્ષ

- હોસ્ટેલમાં પ્રવેશ મેરીટ, કેટગરી, સેમેસ્ટર અને કોર્સને ધ્યાનમાં રાખીને આપવામાં આવશે. ફોર્મ ભરેલ દરેક વિદ્યાર્થીઓને પ્રવેશ મળશે જ તેની ખાત્રી આપવામાં આવતી નથી.
- હોસ્ટેલના જુના વિદ્યાર્થીઓને માટે હોસ્ટેલ ફી રૂા.૧૦૦૦/- (એક હજાર) સત્રની ફી ભરવાની રહેશે.
- હોસ્ટેલમાં નવા પ્રવેશ માટે કુલ રૂા.૨૦૦૦/- (બે હજાર) સત્રની ફી ભરવાની રહેશે. આ રૂા.૨૦૦૦/- હોસ્ટેલની ફી માંથી રૂા.૧૦૦૦/- (એક હજાર) રીફન્ડેબલ ડીપોઝીટ રકમ હોસ્ટેલ પ્રવેશ કમી કરાવ્યેથી પરત મળવાપાત્ર થશે.
- હોસ્ટેલ પ્રવેશ લેતાં પહેલા હોસ્ટેલ અને રૂમની જાણકારી મેળવીને પછી જ ફી ભરવાની સલાહ આપવામાં આવે છે. ભરેલ ફી માંથી રીફન્ડેબલ ડીપોઝીટ સિવાયની બાકી રહેલ ફી પરત મળવાપાત્ર નથી. જે ખાસ સૌએ નોંધ લેવી.

- **<u>હોસ્ટેલ પ્રવેશ માટેની ફી સત્ર શરૂ થયેથી તુરંત ભરવાની થશે તે તારીખ અને સમય માટે હોસ્ટેલ નોટીસ બોર્ડ અને સંસ્થાની વેબસાઈટ www.bpti.ctegujj.in ખાસ જોતા રહેવાની સલાહ આપવામાં આવે છે.</u>** આ સમયે રૂબરૂ આવીને ફી નહી ભરનાર વિદ્યાર્થીની જગ્યાએ મેરીટમાં આવતાં અન્ય વિદ્યાર્થીને પ્રવેશ આપી દેવામાં આવશે. તે પછી તે પ્રવેશ માટે હકદાર રહેશે.

રેકટર
સર. બી.પી.ટી.આઈ. હોસ્ટેલ
ભાવનગર